# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૩ તા.૩-૧૧-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાઓને જણાવવાનું કે,તા.૨૨-૧૧-૧૫ના રોજ અમદાવાદ મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે અત્યારે આદર્શ આચારસંહિતા અમલમાં હોવાથી કોઈપણ કર્મચારીએ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી મુખ્યમથક છોડવું નહીં અને જો અસાધારણ સંજોગોમાં મુખ્ય મથક છોડવાનું જરૂરી જણાય તો શાસનાધિકારીશ્રીની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ જ મુખ્ય મથક છોડવાનું રહેશે, જેની નોંધ લઈ શાળાના તમામ કર્મચારીઓને લેવડાવશો. શાળામાં ફરજ બજાવતા પા.પા./પગીઓ તથા સિકયુરીટી ગાર્ડને પણ આ અંગે જરૂરી સૂચનો કરશો.આ ઉપરાંત નીચે મુજબની કામગીરી પણ પૂર્ણ કરશો.

- તા.૭-૧૧-૧૫ના રોજ **મતદાન જાગૃતિ અભિયાન** અંતર્ગત ધો.૬ થી ૮ના બાળકો માટે શાળામાં સવારે ૮-૩૦ કલાકે પ્રભાતફેરીનું આયોજન કરવું.
- **મતદાન જાગૃતિ અભિયાન** અંતર્ગત વાલીઓ પાસેથી બાળકોના માધ્યમ દ્વારા ભરાવવાના થતા સંકલ્પપત્રોની કામગીરી સુપરવાઈઝરશ્રીના માર્ગદર્શન હેઠળ પૂર્ણ કરવી. સંકલ્પપત્રનો નમુનો આ સાથે સામેલ છે.
- તા.૭-૧૧-૧૫ના રોજ ધો.૬ થી ૮ના બાળકો માટે **'મજબૂત લોકશાહી અને મતદાન'**એ વિષય પર એ-૪ સાઈઝના કાગળમાં શાળા કક્ષાએ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવું અને શાળા કક્ષાએ પ્રથમ વિજેતા બાળકનું ચિત્ર તે જ દિવસે સાંજના ૬.૦૦ કલાક સુધીમાં બીટ સુપરવાઈઝરશ્રીને મોકલી આપવું.
- શાળાના પગી/સિકયુરીટીને મતદાનના આગલા દિવસે શાળાની ચાવી આપી રાખવી અને તેમના મોબાઈલ નંબર મેળવી પાસે રાખવા.શાળામાં મતદાન મથક અંગેની જરૂરી સુવિધાઓ અંગેની ખાતરી કરી લેવાની રહેશે તેમજ મતદાન પહેલા પ્રિસાઈડીંગ ઓફિસરના માર્ગદર્શન મુજબ વ્યવસ્થા કરવાની રહેશે.
- જે બાળકોના આધારકાર્ડ કઢાવવાના બાકી હોય તે તમામ બાળકોના ફોટા સહિતના બોનાફાઈડ સર્ટી. તા.૭-૧૧-૧૫ સુધીમાં તૈયાર કરી શાળામાં રાખવા.

તા. ૩-૧૧-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ<br>
શાસનાધિકારી

**મતદારોએ લેવાનો સંકલ્પ**

અમે,ભારતના નાગરિકો લોકશાહી તંત્રમાં શ્રધ્ધા રાખીને આથી સંકલ્પ કરીએ છીએ કે, અમે અમારા દેશની લોકતાંત્રિક પરંપરાઓની મુક્ત,ન્યાયી તેમજ શાંતિપૂર્ણ ચૂંટણીઓની ગરીમા જાળવીશું.તેમજ દરેક ચૂંટણીમાં નિર્ભયતાપૂર્વક અને ધર્મ,વંશ,જ્ઞાતિ,જાતિ,ભાષા કે અન્ય કોઈપણ પ્રકારના પ્રલોભનથી પ્રભાવિત થયા સિવાય મતદાન કરીશું.

## VOTERS PLEDGE

We,the citizens of India,having abiding faith in democracy,hereby pledge to uphold the democratic traditions of out country and the dignity of free,fair and peaceful elections,and to vote in every election fearlessly and without being influenced by considerations of religion,race,caste,community,language or any inducement.

---------------------------------------------------------------------------------------------------------

શાળાનું નામ :-

વિદ્યાર્થીનું નામ :- ધોરણ :-

વાલીનું નામ :-

શાળાના મુખ્ય શિક્ષકશ્રીનો સહી/સિક્કો